# કૃષિ ઈજનેરી પોલિટેકનિક, આ.કૃ.યુ., દાહોદ ખાતે ખારાકુવા (ખંગેલા) પ્રાથમિક શાળા તા. જી. દાહોદના વિદ્યાર્થીઓની મુલાકાત

આણંદ કૃષિ યુનિવર્સિટિની કૃષિ ઈજનેરી પોલિટેકનિક દાહોદ ખાતે ખારાકુવા (ખંગેલા) પ્રાથમિક શાળા તાલુકો અને જિલ્લો દાહોદના ધો. ૬ અને ૮ના કુલ ૨૫૦ તેમજ ૫ શિક્ષકોએ તા.૦૮/૦૮/૨૦૨૪ના રોજ મુલાકાત લીધેલ હતી. સદર મુલાકાત અત્રેની કોલેજના આચાર્યશ્રી ડો. બી.કે.યદુવંશીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. સદર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને અત્રેની કોલેજના સોઇલ એન્ડ વોટર કન્ઝર્વેશન એન્જીનિયરીંગ વિભાગ, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિરીંગ વિભાગ, રીન્યુએબલ એનર્જી એન્જીનિરીંગ વિભાગ, ફાર્મ મશીનરી એન્ડ પાવર એન્જીનિરીંગ વિભાગ, બેસિક સાયન્સ તેમજ વર્કશોપની મુલાકાત લીધેલ હતી. જેમાં વિભાગની વિવિધ લેબોરેટરી, સોઈલ કન્ઝર્વેશનના જુદા-જુદા મોડેલ/સ્ટ્રક્ચર, ડ્રીપ ઈરીગેશનને લગતી અદ્યતન મશીનરી/સાધનો, રીન્યુએબલ એનર્જી વિભાગને લગતી વિવિધ માહિતી, પ્રોસેસિંગ એન્ડ ફૂડ એન્જીનિરીંગને લગતી મશીનરી/સાધનોની કામગીરી અને સુવિધાઓથી તેમજ કોલેજની પ્રવેશ પદ્ધતી વિશે માહિતગાર કરવામાં આવેલ હતા. સદર મુલાકાત દરમ્યાન અત્રેની કોલેજના તમામ અધિકારી અને કર્મચારીઓએ વિદ્યાર્થીઓની કોલેજની મુલાકાત માટે સરાહનિય યોગદાન આપેલ. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીને કૃષિ ઈજનેરી પર ચર્ચા કરેલ હતી. સદર મુલાકાતનું સંચાલન ડો. બી.કે.યદુવંશી, ડો. એફ. જી. સૈયદ, સચિન ચિંચોરકર તેમજ ઈજ. ડી.એમ.પરડવા, ઈજ. જસ્મિન ભિમાની, ઈજ. મહાદેવ ખરડીવાર, શ્રી બી. પી. સોલંકી તેમજ તમામ ટેકનિકલ સ્ટાફ દ્વારા લેબની માહિતી આપવામાં આવી.









